**કલમ ૪(૧)(બી)(૧):- સંસ્થા અને તેના કાર્યો અને ફરજોની વિગતોની જાણકારી:**

સરકારશ્રી તરફથી સને ૧૯૮૨-૮૩ના વર્ષમાં હેલ્થ અને ફેમીલી વેલફેર વિભાગના ઠરાવ નં.આઈસીડીએસ/૧૦૮૨/૧૧૩૯-આર. .૧૯/૪/૧૯૮૨ થી સુરત મહાનગરપાલિકામાં આઈ.સી.ડી.એસ. ઘટક શરૂ કરવામાં આવેલ છે. ઓગસ્ટ ૨૦૧૫ થી સુરત મહાનગર પાલિકામાં આઈ.સી.ડી. એસ. વિભાગમાં હાલ માં 9(નવ) અર્બન ઘટકો કાર્યરત છે આ નવ ઘટકોમાં કુલ ૧૦૯૩ આંગણવાડીઓ ફાળવવામાં આવેલ છે. ઘટક અને ઝોન દીઠ આંગણવાડીની સંખ્યા નીચે મુજબ છે.

| ક્રમ .નં. | ઘટક | ઝોન | આંગણવાડી કેન્દ્રોની સંખ્યા | કુલ આંગણવાડીની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ૧ | સેંન્ટ્રલ ઝોન | ૫૫ | ૧૬૩ |
| | | વરાછા A | ૬૫ | |
| | | વરાછા B | ૪૩ | |
| ૨ | ૨ | કતારગામ ઝોન | ૧૦૮ | ૧૦૮ |
| ૩ | ૩ | લિંબાયત ઝોન | ૧૧૦ | ૧૧૦ |
| ૪ | ૪ | લિંબાયત ઝોન | ૧૦૪ | ૧૦૪ |
| ૫ | ૫ | અઠવા ઝોન | ૭૬ | ૧૦૮ |
| | | ઉધના ઝોન | ૩૨ | |
| ૬ | ૬ | રાંદેર ઝોન | ૭૭ | ૧૧૮ |
| | | કતારગામ ઝોન | ૪૧ | |
| ૭ | ૭ | લિંબાયત ઝોન | ૧૦૮ | ૧૦૮ |
| ૮ | ૮ | લિંબાયત ઝોન | ૧૦૫ | ૧૦૫ |
| ૯ | ૯ | ઉધના ઝોન | ૧૬૯ | ૧૬૯ |
| | | કુલ | ૧૦૯૩ | ૧૦૯૩ |

- **આ યોજના હેઠળ હાલમાં કુલ ૬ સેવા આપવામાં આવે છે.**
  1. પૂરક પોષણ
  2. આરોગ્ય તપાસ
  3. રોગપ્રતિકારક રસી
  4. રેફરલ સર્વિસ
  5. પૂર્વ પ્રાથમિક શિક્ષણ
  6. આરોગ્ય/ પોષણ શિક્ષણ

- **આ સેવા આપવા માટે નકકી કરેલ લાભાર્થીઓ**
  1. ૦-૬ વર્ષના બાળકો
  2. સગર્ભા સ્ત્રી

3. ધાત્રી માતા
4. કિશોરીઓ

- **યોજનાના હેતુઓ:-**

1. ૦-6 વર્ષ સુધીના બાળકોનુ આરોગ્ય અને પોષણ સ્તર સુધારવુ.
2. બાળ મૃત્યુદર  બાળમાંદગી  પ્રસૂતિ દરમ્યાન  માતાનુ મરણ તથા માંદગીનું પ્રમાણ ઘટાડવું
3. પોષણ તથા આરોગ્ય શિક્ષાણ દ્વારા બાળકોની કાળજી અંગે માતાઓની કાર્યક્ષમતા વધારવી.
4. પૂર્વ પ્રાથમિક શિક્ષણ માટે બાળકોની અભિરૂચી કેળવવી.
5. બાળક વિકાસને વેગ આપવા માટે વિવિધ વિભાગો સાથે નિતી અને અમલ અંગે અસરકારક સંકલન કરવું.

- યોજનાકીય સેવાઓ આપવા માટે આંગણવાડીના મકાન માટે સરકારશ્રી તરફથી રૂા.6000 / -ની મર્યાદામાં ભાડુ ચુકવવાનું ઠરાવવામાં આવેલ છે. કુલ ૧૦૯૨ આંગણવાડીઓ પૈકી 957  આગંણવાડી પાકા મકાનોમાં ચાલે છે.
- આઈ.સી.ડી.એસ. યોજના હેઠળ પૂરક પોષણ આપવા માટે દર વર્ષે લક્ષયાંક ફાળવવામાં આવે છે.
- આઈ.સી.ડી.એસ.યોજના ના અમલીકરણ માટ સરકાર તરફથી ૧૦૦ % ગ્રાન્ટ ફાળવવામાં આવે છે.